અગ્રતા ક્રમાંક – ૨૫

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫.૦૪.૨૦૩૮

પ્રશ્ન પૂછનાર :– માન. ધારાસભ્યશ્રી અભેસિંહ તડવી, ૧૩૯ –સંખેડા મત વિસ્તાર

મુખ્ય પ્રશ્ન :–છોટાઉદેપુર જિલ્લાની ઓરસંગ નદી પર પુલ બાંધવા બાબત.

<u>પુરક નોંધ:</u>

- તા.૩૧.૧૨.૨૦૨૨ની સ્થિતિ એ છોટાઉદેપુર જીલ્લાના બોડેલી તાલુકાના જોજવા ઢેબરપુરા રોડ પર ઓરસંગ નદી પર પુલ બનાવવા સરકારશ્રી દ્વારા મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના વર્ષ–૨૦૨૨–૨૩ અંતર્ગત કુલ રૂ. ૩૬૩૬.૦૦ લાખનો જોબ નંબર ફાળવવામાં આવેલ છે.
- જે કામગીરી હાલ  ટેન્ડર લેવલે છે. સદર માંગણીવાળો બ્રીજ બનાવવામાં આવે તો રાજપીપલા જીલ્લા, નર્મદા જીલ્લા તથા અન્ય જીલ્લાના લોકોને ધાર્મિક સ્થળ જોવા કે ઝંડ તથા પાવાગઢ જવા માટે ટુંકા અંતરવાળા રસ્તાનો લાભ મળી શકે તેમ છે.
- સૂચિત જોજવા બ્રિજની ઉત્તર તરફના તરફના પ્રવેશ માર્ગ તરફ ૩.૭૦ કી.મી અંતરે ડભોઇ–બોડેલી રોડ (રાજ્ય ધોરી માર્ગ) અને ૪૨ ગામો / પરાઓ આવેલ છે. તથા દક્ષિણ તરફ ૫.૫૦ કી.મી લંબાઈ અંતરે સંખેડા–માકણી– મોડાસર (રાજ્ય ધોરી માર્ગ) અને ૬૩ ગામો/પરાઓ આવેલા છે. આમ ૧૦૫ ગામ / પરાના ૮૧૭૪૦ લોકોને સીધો લાભ થશે.
- આ ઉપરાંત અન્ય રાજ્ય ધોરી માર્ગ પરથી અવરજવર કરતાં વાહનોને સંખેડા / બોડેલી તરફ જવા માટે ૧૦ થી ૧૨ કી.મી. જેટલા ટૂંકા અંતરથી અવરજવર માટે આ પુલ ઉપયોગી થશે.
- આ ઉપરાંત ઓરસંગ નદીમાં રેતીની લીઝો આવેલી હોવાથી આ રસ્તા પરથી પસાર થતાં ભારે વાહનો,તેમજ શાળા– કોલેજ જતાં વિદ્યાર્થીઓ, માર્કેટમાં જતાં ખેડૂતોને રોજની અવરજવર માટેનું અંતર ઓછું થશે.જેથી સમય તેમજ નાણાકીય બચત થશે. તેમજ આર્થિક અને સામાજિક વિકાસ થશે .
- આ બ્રિજ પ્રિ–સ્ટ્રેસ કોન્ક્રીટ ગર્ડર ટાઈપ –૪૭૫ મીટર લંબાઈનો અને ૨૫ મીટરના ૧૯–ગાળાનો બનાવવાનું આયોજન છે.
- તેમજ આ પુલ ૭.૫ મીટર પહોળાઈની કેરેજ–વે તથા એક તરફ રાહદારીઓની અવર જવર માટે ૧.૫ મીટર પહોળાઈની ફૂટપાથ સાથે બનાવવામાં આવનાર છે,આમ આ પુલની કુલ પહોળાઈ ૧૦.૪૫ મીટરની રહેશે.
- વધુમાં સૂચિત જોજવા બ્રિજની ઉત્તર તરફના તરફના પ્રવેશ માર્ગ તરફ આવતા ૩.૭૦ કી.મી. તેમજ દક્ષિણ તરફના પ્રવેશ માર્ગ તરફ ૫.૫૦ કી. મી સાથે કુલ ૯.૨૦ કી.મી. લંબાઈના રસ્તાને હયાત ૩.૭૫/૩.૦ મીટરને ૫.૫૦ મી પહોળાઈમાં કરવાનું આયોજન છે
- વધુમાં સદર બ્રિજ હાલ ટેન્ડર પ્રકીયા હેઠળ છે .જે ટેન્ડર મંજુર થયેથી બ્રિજની કામગીરી સત્વરે ચાલુ કરી ૧૮–માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.
- સરકાર દ્વારા છેલ્લા ૫ વર્ષમાં પંચાયત માર્ગ અને મકાન વિભાગ છોટાઉદેપુર હેઠળ કુલ : ૧૦૨૭.૦૭ કી.મી લંબાઈના ૫૬૫૧૬.૬૬ લાખના કુલ : ૪૩૨ કામો મંજુર થયેલ છે.
- જે પૈકી ૫૬૯.૫૩ કી.મી. લંબાઈના ૨૩૮ કામો પૂર્ણ થયેલ છે, ૧૫૩.૧૪ કી.મી. લંબાઈના કુલ ૮૫ કામો હાલ પ્રગતિ હેઠળ છે તેમજ ૩૦૯.૯૦ કી.મી. લંબાઈના ૧૦૯ કામો હવે શરુ થનાર છે.